RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 276 *Date: 26.07.2025,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગાંધીનગરના રાંદેસણ નજીક હિટ એન્ડ રન, ૪ના મોત





ગાંધીનગરમાં ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના સામે આવતા હાહાકાર મચી ગયો છે. રાંદેસણ પાસે સિટી પ્લસ સિનેમા સામે એક પૂરપાટ ઝડપે દોડતી કારે ચાર લોકોને અડફેટે લીધા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં એક મહિલા સહિત ૪ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાની પુષ્ટિ થઈ છે, જ્યારે અન્ય ૫થી લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેનાથી મોતનો આંકડો વધી શકે છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સર્જનાર કાર નંબર ય્ત્ન-૧૮-ઈઈ-૭૮૮૭ હિતેશ પટેલના નામે ગાડીનું રજિસ્ટ્રેશન થયેલું હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ અકસ્માત સર્જનાર કારચાલક નશામાં ધૂત હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને ઉશ્કેરાયેલા ટોળાએ કારચાલકને મેથીપાક ચખાડ્યો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી કારચાલકને ઝડપી પાડ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી સવાલો ઉભા થયા છે.મેયરે આ વિશે વાત કરતા કહ્યું કે, ઘટનાની જાણ થતાં હું ઘટનાસ્થળે પહોંચી હતી. હું પહોંચી ત્યાં સુધીમાં ત્રણ લોકોના મૃત્યુ થઈ ચૂક્યા હતા. જોકે બે લોકો હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.' ગાંધીનગર સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ રવિ તેજાના જણાવ્યાનુસાર પ્રાથમિક તપાસમાં કારચાલક નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું છે. કારચાલકની ઓળખ પણ હિતેશ પટેલ તરીકે થઈ છે જે ખુદ કારનો માલિક હતો.

## જામનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ખેડૂતોના કલ્યાણ અને પાક વીમા મુદ્દે વિરોધ વ્યક્ત કર્યો

જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોના કલ્યાણ અને પાક વીમા પોર્ટલને લગતી મુશ્કેલીઓના મુદ્દે આજે એક વિશાળ રેલી યોજી જિલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કોંગ્રેસ દ્વારા 'ખેડૂતોને છેતરવાનું બંધ કરો' અને 'ખેડૂતોની કોણીએ ગોળ લગાવવાનું બંધ કરો' જેવા નારા લગાવવામાં આવ્યા હતા.જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ કથીરીયાની આગેવાની હેઠળ યોજાયેલી આ રેલીમાં કોંગ્રેસના અનેક કાર્યકરો ખેડૂતોને સાથે રાખીને પોતાના હાથમાં પોસ્ટરો લઈને કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. ત્યારબાદ ખેડૂતોને ન્યાય અપાવવાના મામલે વિસ્તૃત આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.આ અંગે જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ કથીરીયાએ સરકાર પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં સામાન્ય માણસ સોશિયલ મીડિયા પર સરકાર વિરુદ્ધ પોસ્ટ મૂકે તો તેને ષડયંત્ર ગણી જેલમાં ધકેલી દેવામાં આવે છે.

## ઈઝરાયલને ઈતિહાસનો સૌથી મોટો ઝટકો, ફ્રાન્સ પેલેસ્ટાઈનને દેશ તરીકે માન્યતા આપશે





ફ્રાન્સે ઈઝરાયલને અત્યાર સુધીનો સૌથી મોટો ઝટકો આપ્યો છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ગુરુવારે (૨૪મી જુલાઈ) જાહેરાત કરી છે કે, 'ફ્રાન્સ પેલેસ્ટાઈનને એક રાષ્ટ્ર તરીકે માન્યતા આપશે.' નોંધનીય છે કે, ફ્રાન્સના પ્રમુખનો આ નિર્ણયને ઈઝરાયલ પ્રત્યેના તેમના વલણમાં મોટા પરિવર્તન તરીકે જોવામાં આવી રહ્યું છે.સોશિયલ મીડિયા પ્લોટફોર્મ 'ઠ' પર ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને લખ્યું 'મિડલ ઈસ્ટમાં ન્યાયી અને કાયમી શાંતિ પ્રત્યેની અમારી ઐતિહાસિક પ્રતિબદ્ધતાને અનુરૂપ, મેં નક્કી કર્યું છે કે ફ્રાન્સ પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપશે. હું આ સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સમક્ષ આ અંગે જાહેરાત કરીશ. ગાઝામાં યુદ્ધ બંધ કરવું અને નાગરિકોના જીવ બચાવવા એ આજે સૌથી મહત્ત્વપૂર્ણ બાબત છે.'

સાતમી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસે ઈઝરાયલ ઉપર હુમલો કર્યો હતો. ત્યારબાદ ઈઝરાયલે ગાઝામાં હમાસને ખતમ કરવા માટે એક ઝુંબેશ શરૂ કરી, જે હજુ પણ ચાલુ છે. હમાસ સંચાલિત આરોગ્ય વિભાગ અનુસાર, ઈઝરાયલી હુમલાઓમાં ગાઝામાં ૫૦ હજારથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. શરૂઆતમાં ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન ઈઝરાયલને ટેકો આપતા હતા અને ઘણીવાર યહૂદી વિરોધીવાદ સામે બોલતા હતા. જો કે, તાજેતરના મહિનાઓમાં ગાઝામાં ઈઝરાયલના યુદ્ધ અંગે તેમનું વલણ બદલાયું છે.

અહેવાલો અનુસાર, વિશ્વભરના ઓછામાં ઓછા ૧૪૬ દેશો પેલેસ્ટાઈનને માન્યતા આપે છે. ભારતે વર્ષ ૧૯૮૮માં પેલેસ્ટાઈનને માન્યતા આપનારા પહેલો દેશ હતો. ય્-૭ દેશ કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી કોઈ પણ પેલેસ્ટાઈનને માન્યતા આપતું નથી. જોકે, ફ્રાન્સે હવે આમ કરવાની જાહેરાત કરી છે.

## ઉલ્લુ, ALT બાલાજી અને બિગ શોટ્સ સહિત ૨૫ એપ પર પ્રતિબંધ, અશ્લીલ કન્ટેન્ટ સામે સરકારનું આકરું વલણ




કેન્દ્ર સરકારે અશ્લીલ કન્ટેન્ટ પર આકરૂ વલણ અપનાવતાં ઉલ્લુ એપ, છઙ્ઘ, દેશીફ્લિક્સ, અને બિગ શોટ્સ જેવી અનેક એપ્લિકેશન્સ પર પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી છે. આ સંદર્ભે નોટિફિકેશન જાહેર કરવામાં આવી છે. નોટિફિકેશન અનુસાર, ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને નિર્દેશ આપવામાં આવ્યા છે કે, દેશભરમાં આ પ્રકારના સોફ્ટ પોર્ન કન્ટેન્ટ દર્શાવતી ૨૫ વેબસાઈટ્સ તાત્કાલિક ધોરણે બ્લોક કરવામાં આવે. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના મંત્રાલયને આ પ્રકારની એપ્સ અને વેબસીરિઝ એડલ્ટ કન્ટેન્ટ પ્રસારિત થઈ રહ્યું હોવાની અનેક ફરિયાદો મળી હતી. જેના પર કાર્યવાહી હાથ ધરતાં ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને ઉલ્લુ, અલ્ટ, અને દેશીફ્લિક્સ સહિતના ૨૫ ઓટીટી પ્લેટફોર્મ પર પ્રતિબંધ લાદવા આદેશ અપાયો છે.નોટિફિકેશનમાં ભાર મૂકવામાં આવ્યો છે કે, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ ૨૦૦૦ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રૂલ્સ, ૨૦૨૧ હેઠળ ગેરકાયદે ગણાતી માહિતી અને દ્રશ્યોને દૂર કરવાની જવાબદારી મધ્યસ્થીઓની છે. બિગ શોટ્સ એપ, બુમેક્સ, નવરસા લાઈટ, ગુલાબ એપ, કંગન એપ, બુલ એપ, જલવા એપ, વાઉ એન્ટરટેઈનમેન્ટ, લુક એન્ટરટેઈનમેન્ટ, હિટપ્રાઈમ, ફેનિયો, શોએક્સ, સોલ ટોકિઝ, અડ્ડા ટી, હોટએક્સ વીઆઈપી, હલચલ એપ, મુડ એક્સ, નિયો એક્સ વીઆઈપી, ફુગી, મોજફિક્સ, ટ્રિફ્લિક્સ, ઉલ્લુ, અલ્ટ બાલાજી, દેશીફ્લિક્સ.અશ્લીલ સામગ્રી દર્શાવતા ડિજિટલ કન્ટેન્ટ પર અંકુશ લાદવા માર્ચમાં મંત્રાલયે ૧૯ વેબસાઈટ, ૧૦ એપ્સ, અને ૧૮ ઓટીટી પ્લેટફોર્મ્સના ૫૭ સોશિયલ મીડિયા હેન્ડલર્સ પર પ્રતિબંધ મૂક્યો હતો.



## તંત્રી લેખ..

# વર્તમાન મહિનામાં દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં જોવાયેલી વૃદ્ધિ

મુંબઈ : ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં મજબૂતાઈને પરિણામે વર્તમાન મહિનામાં દેશની એકંદર વેપાર પ્રવૃત્તિમાં વધારો થયો હોવાનું ઉત્પાદન તથા સેવા ક્ષેત્રનો એચએસબીસી પ્રારંભિક સંયુકત ઈન્ડેકસ પરથી જણાય છે. એચએસબીસી ફલેશ ઈન્ડિયા કમ્પોઝિટ પીએમઆઈ આઉટપુટ ઈન્ડેકસ જે જૂનમાં ૫૮.૪૦ હતો તે જુલાઈમાં વધી ૬૦.૭૦ પહોંચી ગયો છે.

એકંદર વેચાણમાં વધારો, નિકાસ ઓર્ડરોમાં મજબૂતાઈ તથા ઉત્પાદનના ઊંચા સ્તરને પરિણામે સંયુકત પરચેઝિંગ ‘મેનેજર્સ‘ ઈન્ડેકસ (પીએમઆઈ)માં વધારો જોવા મળ્યો છે. આ ત્રણેય ગણિતોમાં સેવા ક્ષેત્ર કરતા ઉત્પાદન ક્ષેત્રની કામગીરી જોરદાર રહી હોવાનું તૈયાર કરાયેલા સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું. બીજી બાજુ ફુગાવાજન્ય દબાણ સતત વધી રહ્યું છે અને કાચામાલના ખર્ચ તથા ઉત્પાદનના દરો જુલાઈમાં ઊંચે ગયા છે. વેપાર વિશ્વાસ પણ માર્ચ ૨૦૨૩ બાદની નીચી સપાટીએ પહોચી ગયો છે, જ્યારે રોજગાર વૃદ્ધિ નરમ પડી પંદર મહિનાની નીચી સપાટીએ રહી છે.

# ક્રૂ ડ્યુટી, તાલીમ અને ઓપરેશનલ ઉલ્લંઘન બદલ DGCA એ એર ઈન્ડિયાને ચાર કારણદર્શક નોટિસ

નવી દિલ્હી,

ગુરુવારે સૂત્રોએ જણાવ્યું હતું કે, ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન એ કેબિન ક્રૂ ડ્યુટી કલાકો, તાલીમ નિયમો અને સંચાલન પ્રક્રિયાઓ સંબંધિત અનેક ઉલ્લંઘનો માટે એર ઈન્ડિયાને ચાર કારણદર્શક નોટિસ ફટકારી છે. ૨૩ જુલાઈના રોજ આપવામાં આવેલી આ નોટિસ, ૨૦ અને ૨૧ જૂનના રોજ એરલાઈન દ્વારા નિયમનકારને સ્વૈચ્છિક રીતે કરવામાં આવેલા ખુલાસાઓને અનુસરે છે. આ મુદ્દાઓમાં ઘણા લાંબા અંતરની અને સ્થાનિક ફ્લાઇટ્સમાં ક્રૂ આરામના ધોરણો અને તાલીમ પ્રોટોકોલમાં ઉલ્લંઘનનો સમાવેશ થાય છે.




"અમે નિયમનકાર તરફથી આ નોટિસો પ્રાપ્ત થયાનું સ્વીકારીએ છીએ જે એર ઈન્ડિયા દ્વારા છેલ્લા એક વર્ષમાં કરવામાં આવેલા કેટલાક સ્વૈચ્છિક ખુલાસાઓ સંબંધિત છે. અમે નિર્ધારિત સમયગાળામાં ઉપરોક્ત નોટિસોનો જવાબ આપીશું. અમે અમારા ક્રૂ અને મુસાફરોની સલામતી માટે પ્રતિબદ્ધ છીએ," એરલાઈનના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ત્રણ કારણદર્શક નોટિસ ૨૦ જૂનના રોજ કરવામાં આવેલા ખુલાસાઓ પર આધારિત હતી. આ ઓછામાં ઓછી ચાર અલ્ટ્રા-લોંગ-અંતરની ફ્લાઇટ્સ - બે ૨૭ એપ્રિલના રોજ સંચાલિત, અને એક ૨૮ એપ્રિલ અને ૨ મેના રોજ - ના ઉલ્લંઘનો સાથે સંબંધિત છે જ્યાં કેબિન ક્રૂ ડ્યુટી અને આરામના નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું.

જાણવા જેવા વધુ મુખ્ય મુદ્દાઓ:-

૨૬ જુલાઈ, ૨૦૨૪, ૯ ઓક્ટોબર, ૨૦૨૪ અને ૨૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સંચાલિત ફ્લાઇટ્સમાં કેબિન ક્રૂ તાલીમ અને ઓપરેશનલ પ્રક્રિયાઓમાં વધારાના ઉલ્લંઘનો નોંધાયા હતા.

૨૪ જૂન, ૨૦૨૪ અને ૧૩ જૂન, ૨૦૨૫ ના રોજ સંચાલિત ફ્લાઇટ્સમાં સાપ્તાહિક આરામ અને ફરજ સમયગાળાના ધોરણોના ઉલ્લંઘન માટે એક નોટિસ જારી કરવામાં આવી હતી.

એર ઈન્ડિયાના ૨૧ જૂનના ખુલાસાના આધારે બીજી નોટિસ, ૧૦-૧૧ એપ્રિલ દરમિયાન, ૧૬ ફેબ્રુઆરીથી ૧૯ મે અને ૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ સંચાલિત ફ્લાઇટ્સમાં ક્રૂ તાલીમ અને પ્રક્રિયાગત ઉલ્લંઘનના ત્રણ કિસ્સાઓ પ્રકાશિત કરે છે.

તાજેતરના મહિનાઓમાં સલામતી અને પાલનમાં ખામીઓને કારણે એરલાઈન વધુ નિયમનકારી તપાસ હેઠળ છે.

૧૨ જૂનના રોજ, એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭-૮ વિમાન સાથે સંકળાયેલી એક મોટી ઘટના બની જ્યારે વિમાન અમદાવાદથી લંડન ગેટવિક જતા માર્ગ પર ટેકઓફ કર્યા પછી તરત જ એક ઈમારત સાથે અથડાયું. આ દુર્ઘટનામાં ૨૬૦ લોકો માર્યા ગયા, જેમાં જમીન પર રહેલા ૧૯ લોકોનો પણ સમાવેશ થાય છે.

# ઓડિશાના સંબલપુરમાં મહિમા ગોસાઈં એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ

ગુરુવારે સવારે ઓડિશાના સંબલપુર સિટી સ્ટેશન નજીક ટ્રેન નંબર ૨૦૮૩૧ સંબલપુર-શાલીમાર મહિમા ગોસાઈં એક્સપ્રેસનો એક કોચ પાટા પરથી ઉતરી જતાં એક મોટી રેલ દુર્ઘટના ટળી ગઈ. સદનસીબે, કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી.

આ ઘટના સવારે ૯:૧૫ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે ટ્રેન ખૂબ જ ધીમી ગતિએ સ્ટેશન તરફ આગળ વધી રહી હતી. ટ્રેન ભુવનેશ્વરથી સંબલપુર આવી રહી હતી. સંબલપુર સિટી સ્ટેશન પહોંચતાની સાથે જ, ગાર્ડ વાનની સામે આવેલા જનરલ બોગીનો પાછળનો ટ્રોલી ભાગ અચાનક પાટા પરથી ઉતરી ગયો.

બધા મુસાફરો સુરક્ષિત

આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ હોવાના કે કોઈપણ પ્રકારનું નુકસાન થયાના અહેવાલ નથી. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા તમામ મુસાફરો સુરક્ષિત છે. રાહતની વાત એ છે કે ઘટના સમયે ટ્રેનની ગતિ ખૂબ ઓછી હતી, જેના કારણે મોટો અકસ્માત ટળી ગયો હતો.

પૂર્વ તટ રેલવે દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ×૨૦૮૩૧ શાલીમાર-સંબલપુર એક્સપ્રેસની ગાર્ડ વાનની બાજુમાં જનરલ કોચનો પાછળનો ભાગ સંબલપુર સિટી સ્ટેશન નજીક ધીમી ગતિએ પાટા પરથી ઉતરી ગયો હતો. કોઈને ઈજા થઈ નથી. ટ્રેનને સંબલપુર સ્ટેશન મોકલવામાં આવી છે.×

ઘટનાની માહિતી મળતા જ, રેલવે ટેકનિકલ અધિકારીઓ અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા. રાહત અને સમારકામનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવ્યું હતું.

# મુંબઈ ટ્રેન બ્લાસ્ટ કેસઃ સુપ્રીમ કોર્ટે તમામ ૧ ૨ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાના બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મૂક્યો



નવી દિલ્હી/મુંબઈ,

સુપ્રીમ કોર્ટે ગુરુવારે ૨૦૦૬ ના મુંબઈ ટ્રેન બોમ્બ વિસ્ફોટ કેસમાં તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાના બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મૂક્યો હતો, જેમાં ૧૮૯ લોકો માર્યા ગયા હતા. જસ્ટિસ એમ એમ સુંદરેશ અને એન કોટીશ્વર સિંહની બેન્ચે આ કેસના તમામ આરોપીઓને નોટિસ ફટકારી હતી અને રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર તેમનો જવાબ માંગ્યો હતો.

સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે સ્ટે ઓર્ડર આરોપીઓની જેલમાંથી મુક્તિ પર અસર કરશે નહીં.

બોમ્બે હાઈકોર્ટે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા

૨૨ જુલાઈના રોજ, બોમ્બે હાઈકોર્ટે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા, અને કહ્યું હતું કે ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે અને ×આરોપીઓએ ગુનો કર્યો છે તે માનવું મુશ્કેલ છે×. જસ્ટિસ અનિલ કિલોર અને શ્યામ ચાંડકની ખાસ બેન્ચે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ દ્વારા આધારભૂત પુરાવા આરોપીઓને દોષિત ઠેરવવા માટે નિર્ણાયક નથી.

૧૨ માંથી પાંચને મૃત્યુદંડ અને સાતને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. મૃત્યુદંડની સજા પામેલા એક દોષીનું ૨૦૨૧ માં મૃત્યુ થયું.

હાઈકોર્ટના ચુકાદા પછી, મહારાષ્ટ્ર એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (છ્જી) એ ૨૦૦૬ ના મુંબઈ ટ્રેન બ્લાસ્ટ કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાના નિર્ણયને પડકારવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો.

છ્જી દ્વારા કરવામાં આવેલી અપીલ હાઈકોર્ટના ચુકાદાને પુનર્વિચારિત કરવા માટે એક મહત્વપૂર્ણ કાનૂની દબાણ દર્શાવે છે જેણે આ કેસમાં અનેક દોષિતોને રદ કરી હતી. એજન્સીએ દાવો કર્યો હતો કે આરોપીઓ પ્રતિબંધિત સંગઠન સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા (જીૈંસ્) ના સભ્યો હતા અને આતંકવાદી જૂથ લશ્કર-એ-તૈયબા (ન્) ના પાકિસ્તાની સભ્યો સાથે મળીને કાવતરું ઘડ્યું હતું. છ્જી એ જણાવ્યું હતું કે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ ખાસ સ્ર્ઝ્રંછ કોર્ટે પાંચ આરોપીઓને મૃત્યુદંડ અને સાત અન્યને આજીવન કેદની સજા ફટકારી હતી, જ્યારે ૧૧ જુલાઈ, ૨૦૦૬ ના શ્રેણીબદ્ધ ટ્રેન બ્લાસ્ટ કેસમાં એક આરોપીને નિર્દોષ છોડી મૂક્યો હતો.

૨૦૦૬ મુંબઈ બ્લાસ્ટ

૧૧ જુલાઈ, ૨૦૦૬ ની સાંજે મુંબઈ લોકલ ટ્રેનમાં માત્ર ૧૧ મિનિટમાં સાત અલગ અલગ સ્થળોએ બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ ઘટનામાં ૧૮૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૮૦૦ થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. ચર્ચગેટથી આવતી ટ્રેનોના ફર્સ્ટ-ક્લાસ ડબ્બામાં બોમ્બ મૂકવામાં આવ્યા હતા. માટુંગા રોડ, માહિમ જંકશન, બાંદ્રા, ખાર, જોગેશ્વરી, ભાયંદર અને બોરીવલી સ્ટેશનો પાસે વિસ્ફોટ થયો હતો. ૨૦૧૫માં ટ્રાયલ કોર્ટે વિસ્ફોટ કેસમાં ૧૨ લોકોને દોષિત ઠેરવ્યા હતા. નવેમ્બર ૨૦૦૬માં આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ પછી, ૨૦૧૫માં ટ્રાયલ કોર્ટે ૧૨ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. આમાંથી ૫ને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે ૭ને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

# સૈયારા વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ કલેક્શન દિવસ ૬: અહાન પાંડે, અનીત પદ્દાની ફિલ્મ ૨૦૦ કરોડને પાર કરી

મોહિત સૂરીની ફિલ્મ ‘સૈયારા‘માં નવોદિત કલાકારો અહાન પાંડે અને અનિત પડ્ડાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. વિવેચકો અને દર્શકો બંને તરફથી સારી સમીક્ષાઓ મેળવનારી આ પ્રેમકથાએ વિશ્વભરમાં ?૨૦૦ કરોડનો આંકડો પાર કરી દીધો છે, જે શરૂઆતના દિવસ કરતાં પણ વધુ સારો દેખાવ કરે છે.




સૈયારાનું વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ કલેક્શન

ટ્રેડ વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, સૈયારાએ છ દિવસમાં ભારતમાં ?૧૫૩.૭૫ કરોડની કમાણી કરી હતી, જે કુલ ?૧૮૩ કરોડ હતી. વિદેશમાંથી ?૩૭ કરોડની કમાણી ઉપરાંત, છઠ્ઠા દિવસે ?૬.૭૫ કરોડની કમાણી સાથે, ફિલ્મે એક અઠવાડિયામાં વિશ્વભરમાં ?૨૨૦ કરોડની કમાણી કરી હતી. વેબસાઈટ અનુસાર, ‘સૈયારા‘એ તેના વિશ્વવ્યાપી કલેકશનમાં ૧ દિવસની સરખામણીમાં ૧૦%નો વધારો જોયો હતો, જે વિશ્વભરમાં ?૨૯.૨૫ કરોડ હતો. સૈયારા અઠવાડિયા દરમિયાન સ્થિર રહેવામાં સફળ રહી, તેણે લાવેલા કલેક્શનથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા, ખાસ કરીને કારણ કે તેમાં નવોદિત કલાકારો છે.

મોહિત સુરી સંદીપ રેડ્ડી વાંગાનો આભાર માને છે

દિગ્દર્શક મોહિતે ઠ (અગાઉ ટ્વિટર) પર સંદીપ રેડ્ડી વાંગાનો સૈયારાને ટેકો આપવા બદલ આભાર માનવા માટે એક નોંધ લખી. પોતાને એક ચાહક ગણાવતા તેમણે લખ્યું, ‘‘સંદીપ, જૈદ્બદ્બૈહપ્સ્રૈજકહર્ીં સૈયારામાં ખુલ્લેઆમ સમર્થન અને તમારા ઉદાર વિશ્વાસને વ્યક્ત કરવા બદલ આભાર. તેનો અર્થ એ હતો કે દુનિયા એક એવા ફિલ્મ નિર્માતા પાસેથી આવી છે જેની કારીગરી હું ખૂબ પ્રશંસા કરું છું. મેં હંમેશા તમારી વાર્તાઓમાં તમે જે કાચી લાગણી, નિર્ભયતા અને તીવ્રતા લાવો છો તેનો આદર કર્યો છે. તે મને યાદ અપાવે છે કે આપણે લોકોને પ્રેરિત કરવા, જોડવા માટે શું કરીએ છીએ. તમારા જેવા વાર્તાકારો સાથે આ માર્ગ પર ચાલવા બદલ આભારી છું. અહીં વધુ શક્તિશાળી સિનેમા અને હંમેશા ચાહક છે!’’

સૈયારા વિશે

સૈયારા એક ઉભરતા સંગીતકાર ક્રિશ કપૂર (અહાન) અને મૃદુભાષી લેખક વાણી બત્રા (અનીત) ની વાર્તા કહે છે. તેમના ઉભરતા સંબંધો દ્વારા, ફિલ્મ પ્રેમ અને ખોટની શોધ કરે છે. સોશિયલ મીડિયા દર્શકોના ફિલ્મ જોવાની રસપ્રદ પ્રતિક્રિયાઓના વીડિયોથી ભરેલું છે, જેમાં ખોવાયેલા પ્રિયજનો વિશે રડવાથી લઈને તેમના ભાગીદારો સાથે નૃત્ય કરવા સુધીની રસપ્રદ પ્રતિક્રિયાઓ આપવામાં આવી છે.

# ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા SGVP શ્રી દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં આયોજિત ‘‘બાળવાર્તા સંગોષ્ઠિ અને જીવરામ જોશી બાળવાર્તા અભિયાન




ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા જીય્ફઁ શ્રી દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં આયોજિત ‘‘બાળવાર્તા સંગોષ્ઠિ અને જીવરામ જોશી બાળવાર્તા અભિયાન’’ કાર્યક્રમ એ માત્ર એક સાહિત્યિક પ્રસંગ નહોતો – એ તો ગુજરાતી બાળસાહિત્યના પાયાના શિલ્પી જીવરામ જોષીજીને અર્પિત એક ભાવસભર શ્રદ્ધાંજલિ હતી.કે જેના આયોજક શ્રી તખુભાઈ સાંડસુર અને સહ આયોજક શ્યામજી દેસાઈ દ્વારા ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું કે જેમાં અતિથિશ્રીઓમાં શ્રી યશવંત મહેતા (બાલ સાહિત્યકાર) જેમાં ‘બાલ સાહિત્ય અને તેનું શૈક્ષણિક મહત્ત્વ‘ માં વિશેષ સિદ્ધિ ધરાવતા, ગુજરાતી ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક એવા શ્રી ભાર્ગવ જીવરામ જોષી, ગુજરાતી ફિલ્મ અભિનેત્રી અને ‘બાલવાર્તાઓ અને સાહિત્યના રસિક સુશ્રી પ્રાપ્તિ અજવાળિયા, ગણતર પ્રણેતા શ્રી સુખદેવ પટેલ ‘બાલ પ્રવૃત્તિ અને સાંપ્રત‘ વિશે તેમજ ડો. શ્રદ્ધા ત્રિવેદી ‘બાલવાર્તાઓ : કૃતિઓ અને કથન રીતિ‘, શ્રી પુલકીત જોશ(મદદનીશ સચિવ, ગુજ.મા.શિ. બોર્ડ), શ્રી મહાવીરસિંહ ગોહિલ – બાલાનંદીબાપુ વગેરે દ્વારા ખૂબ સરસ માહિતી સાથે જ્ઞાન પીરસવામાં આવ્યું

‘‘બાળકોનું બાળપણ શબ્દોની સાથે – સંસ્કૃતિની ભીની છાંયામાં.’’

જીવરામ જોશીજીની વાર્તાઓ – મિયા ફુસ્કી, અડુકિયો દાડુકિયો, છકો મકો – એ તો દરેક ગુજરાતી બાળકના મનમાં વસેલી સંસ્કૃતિ છે.આ સંસ્કૃતિને ઉજાગર રાખવા બાલવાર્તા એ શ્રેષ્ઠ માધ્યમ છે. તેમની વાર્તાઓમાં હાસ્ય, સંઘર્ષ અને જીવનના મૂલ્યો એકસાથે વહે છે – અને આજે પણ એ પાત્રો જીવંત લાગે છે. બાળવાર્તા સંગોષ્ઠિ અને જીવરામ જોશી બાળવાર્તા અભિયાન’’ કાર્યક્રમમાં યશવંતભાઈ મહેતાના વક્તવ્ય દ્વારા બાળવાર્તા અને જીવનના સંઘર્ષ વચ્ચેનો સંબંધ ખૂબ જ હૃદયસ્પર્શી રીતે રજૂ થયો – જ્યાં શબ્દો શીખવે છે, અને સંઘર્ષ જીવવા પ્રેરણા આપે છે.

આજના મોબાઈલના યુગમાં બાળકો મોબાઈથી દૂર રહી બાળવાર્તાના માધ્યમથી ફરી જોડાય, સંસ્કૃતિના, મૂલ્યોના પાઠો શીખવા તરફ પ્રયાણ કરે તે માટે ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ પ્રયાસ કરી રહ્યું છે. બાળવાર્તા સંગોષ્ઠિ અને જીવરામ જોશી બાળવાર્તા અભિયાન’’ માં અલગ અલગ જિલ્લાઓમાંથી ૬૦થી વધુ શિક્ષકો જોડાયા જેમાં દીપિકાબેન દિનેશભાઈ વણકરને પણ એક બાળવાર્તાકાર તરીકે નિમવામાં આવ્યા કે જેઓ અલગ અલગ શાળાઓમાં આ અભિયાનને સફળ બનાવવામાં પોતાનો સહયોગ આપશે. શાળાઓમાં વિસરાઈ ગયેલી બાળવાર્તાઓને ફરીથી જીવંત કરવામાં આવશે અને આ અભિયાનમાં વધુમાં વધુ બાળકો અને શિક્ષકો જોડાય તેવાત પ્રયત્નો માટે એક અનેરો સંકલ્પ લેવામાં આવ્યો.

દીપિકાબેન ડી. વણકરે ૧૦૭૫ જેટલાં વિધાર્થીઓ અને ૫૫ જેટલાં શિક્ષકોને આ બાળવાર્તા અભિયાનમાં જોડ્યા અને તેમને પોતાની વાણીમાં બાળવાર્તાઓનો રસાસ્વાદ પીરસ્યો તેમજ ફરીથી એકવાર અલગ અલગ શાળાઓમાં જઈને પુસ્તકાલયના બંધ કબાટમાં પડેલી નીરસ વાર્તાની ચોપડીઓને મોકળાશ આપી. તેઓ ધોલેરાના કાસીન્દ્રા ગામમાં પોતાની ફરજ નિભાવે છે ને અમદાવાદ થી એક્ટિવા લઈને ૭ વાગે નીકળી ૭:૩૦ પહેલી શાળા ૯:૩૦ એ બીજી શાળામાં બાળવાર્તા કહી ૧૧.૧૫ એ શાળાએ પહોંચી શાળામાં એક વાર્તા કહી અને રિસેશ દરમિયાન બીજી એક શાળામાં જઈને બાળવાર્તા ની રમઝટ બોલાવે છે અને શાળાઓમાંથી સરસ પ્રતિભાવ મળ્યા છે!

પૂછો નહીં એમ!

બધાને વાર્તા સાંભળવામાં ને એમાં મશગુલ થઈને વાર્તામાં મગ્ન બની જવાની ખૂબ જ મજા આવી. શાળાના શિક્ષકો અને બાળકોએ કહયું બેન અઠવાડિયામાં ઓછામાં ઓછા ૨ વાર તો આવજો. પણ . . . . . . . . . . . પણ. . . . . . . . . . .શું રોજ આપણે જઈ શકીએ?

ના. ?? તો તેમણે જ રોજ પ્રાર્થનામાં વાર્તાઓ કહેવી એવો વાયદો લીધો.

ખૂબ ખૂબ આભાર તખુભાઈ આ સરસ મજાના અભિયાનમાં જોડવા બદલ.??

અને બીજું એ કે હું આ અભિયાન દ્વારા બાળકોના મન સુધી પહોંચી શકી તે માટે ફરીથી આભાર આખી ટીમનો

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: Nog ss : 388**
વિષય : પરાકષ્ઠા
પ્રકાર : પદ્ય
શીર્ષક : રાધા કૃષ્ણ શબ્દો : ૨૧૫

કોઈ પૂછે શ્રી કૃષ્ણ ને - કોણ છે આ રાધા
જવાબ માં અશ્રુધારા - સ્મિત - ઉત્તમ પ્રેમ ની પરાકષ્ઠા

હું શ્વાસ છું - એ વિશ્વાસ
હું નૃત્ય છું - એ મહારાસ
હું પ્રેમ છું - એ પરિભાષા.
હું નંદનંદન છું - એ મારી લીલા નું વ્રજધામ.
હું સંગીત - એ સુર
હું વ્રજરાજ - એ મયૂરપંખ
હું કઈ જ નથી - એ સર્વસ્વ છે.
હું આકાશ છું - એ બ્રહ્માડ
હું દાસ છું - એ સ્વામીની
હું શરીર છું - એ આત્મા
હું આત્મા છું - એ અંતરાત્મા - અંતરાત્મા નો સાદ

શું કહું કોણ છે આ રાધા..
બસ એ છે તો હું છું - સમગ્ર શ્રુષ્ટિ ના સ્વામિનીજી
એ છે બસ રાધારાણી - શ્રી કૃષ્ણ ના હૃદય નો ભાવ

એ જ વેણુ - એ વેણુ નાદ - એ જ સુર - એ જ સાગર
એ જ કુંજ - એ જ નિકુંજ
એ જ અષ્ટસખા - એ જ અસ્ટગોપી
એ જ રાધારાની - એ જ પટરાણી
એ જ દ્વારિકા - એ જ વ્રજ - હું તો માત્ર વ્રજરજ
જેના નેત્રો ના સ્મિત માં - મારી સમગ્ર શ્રુષ્ટિ
શ્રી કૃષ્ણ અને રાધિકા ક્યાં ભિન્ન છે !
મન ના આંનદ ના એક એક શ્વાસ
મહારાસ !

ફાલ્ગુની સાંગાણી
પોરબંદર, ગુજરાત

**NG: NOG S.S. NO: 387**
વિષય: પરાકાષ્ઠા
શિર્ષક: સારા/માઠા પરિણામો
પ્રકાર: ગદ્ય   શબ્દો: ૨૮૪

"પરાકાષ્ઠા એટલે સારી/માઠી અનુભૂતિ નો આખરી પડાવ." પોઝિટિવ હોય તો જન્મારો સફળ, નેગેટિવ હોય તો નવા ખોટા કર્મો નો હિસાબ થાય છે જ.

તમારાં વગર જીવન જીવી નહીં શકું એ તમારી ભૂલ હતી પણ તમારી ધારણા વિરુદ્ધ મેં સુંદર, સુગંધી આયખું અજવાળિયુ છે.પરાવલંબી ના હતી, છું કે હોઈશ.લાચાર, બિચારી રહેવું મને જરાય મંજૂર નથી.એ જ તો મારી ખુદારી છે.કારણ કે હું પ્રભુ નો અંશ છું.અસંખ્ય સવાલો મન માં અને હૃદય માં ઘોળાય છે.પણ અનમોલ જીવન નાં રંગમંચ માં એક ઉત્કૃષ્ટ કલાકાર નો રોલ પ્લે કર્યા નો મને આનંદ અને સંતોષ છે.
દિલ નાં મામલે જરા સાવધ રહેવું,કારણ કે દિલ તૂટે છે ત્યારે અવાજ નથી આવતો પણ અનેક સપનાઓ, અરમાનો પળવારમાં પેલાં ઉ.્.ઝ.ટાવર કે ૧૨/૬/૨૫ અમદાવાદ પ્લેન ક્રેશ ની જેમ એક ઝાટકે અનમોલ ઉપહાર સમી જીન્દગી ધ્વંસ થઈ જાય છે. એક તરફી પ્રેમમાં થયેલા કામ, ત્યાગ, બલિદાન સઘળું બાષ્પીભવન થઈ જાય છે.માત્ર પ્રસંગોપાત થયેલા વર્તન ને જ ધ્યાન માં રખાય છે.
ઘણું જતું કર્યા પછી પરાકાષ્ઠા ની અવસ્થા આવે ત્યારે જો પોઝિટિવ ટર્ન મારીએ તો રોજેરોજ મોજેમોજ છે.કેમકે મીરાં, નરસિંહ, ધ્રુવ પ્રહલાદ, નચિકેતા, કાલીદાસ, સોક્રેટિસ જેવાં અસંખ્ય દાખલાઓ છે કે સ્વજનો ના તિરસ્કાર થી જે ચોટ વાગી તે દિલ ની આરપાર ઊતરી ગઈ... અને પરિણામ જગજાહેર છે.હુ પણ આ પોઝિટિવ માર્ગે ચાલી મોજ કરું છું.અને મનખો સુધારવાનો પ્રયત્ન કરું છું. જો નેગેટિવ ટર્ન લીધો તો નવો ફરી ખરાબ ચક્રવ્યૂહ શરુ...જેમ કે વ્યસન, કુસંગ, આત્મહત્યા.કમફર્ટ ઝોન છોડવાનો થાય તો જ પરાકાષ્ઠા ની અનુભૂતિ થાય -સ્વાનુભવ.
"હમને દેખી હૈ ઉન આંખો કી મહેંકતી ખુશ્બુ....
હાથ સે છુ કે ઉસે રિશ્તો કા ઈલઝામ ન દો...
સિર્ફ એહસાસ હૈ યે રુહ સે મહેસૂસ કરો
પ્યાર કો પ્યાર હી રહેને દો કોઈ નામ ન લો...
પુનિતા બેન દવે -મણિનગર.

**NG: NOG SS NO. : 152**
વિષય : પરાકાષ્ઠા
પ્રકાર : પદ્ય ગઝલ
શીર્ષક : દર્દની પરાકાષ્ઠા
શબ્દો : ૭૬

પીડ કૈં કારણ વગરની રોજ પામ્યાં છે અમે.
એટલે સંબંધ સૌ ભીતરથી જાણ્યાં છે અમે.
જે ઘડી શ્રદ્ધા ગુમાવી, માનવી પરથી પછી,
જેટલાં પથ્થર મળ્યાં, તે દેવ માન્યાં છે અમે.

દોષ બીજા પર નથી ઢોળ્યો કદી પણ એટલે,
જાતની સામે સમય પર તીર તાણ્યાં છે અમે.

ભેદ મારા-તારાનો સમજ્યાં નહીં ક્યારેય તો,
પારકાં ખુદનાં ગણીને પ્રેમે રાખ્યાં છે અમે.

જીવવા સંસારમાં ડગલે અને પગલે અહીં,
કૈંક વિષ અમૃત ગણીને રોજ ચાખ્યાં છે અમે.

શ્દિલીપ ધોળકિયા "શ્યામ"
જૂનાગઢ

**NG: NOG SS NO. 187**
વિષય : પરાકાષ્ઠા.
પ્રકાર :પધ.   શબ્દો :૭૦
શીર્ષક : જીવ માં શિવ

ગુલતાન થાઓ, મસ્તાન થાઓ ને રમમાણ બસ થાઓ જ્યારે,
પ્રેમમય આ સૃષ્ટિનો આનંદ ઊર માં ઉભરાય છે ત્યારે.

એકરૂપ થાઓ, એકરસ થાઓ ને એકાકાર બસ થાઓ જ્યારે,
અનંત આ બરમાઅંડનો સાર અંતરે વરતાય છે ત્યારે.

ના સ્તુતિ કોઈ ના સ્તવન કોઈ ના વિધી વિધાન કોઈ હોય ત્યારે,
શૂન્ય તણું ધ્યાન ઊર માં પ્રગટે ને પ્રગટે પ્રકાશ અંતરે ત્યારે.

જીવ માં ભળે શિવ અને શિવ માં જીવ જ્યારે,
પરાકાષ્ઠા એ પ્રેમની ને પરાકાષ્ઠા એ ભક્તિની જાગે છે ત્યારે.

રચયિતા : ચારુલતા દોશી.
ચ૬:૩૩ઁર, ૭/૨૫/૨૦૨૫ ૈસહક્રટૈ હ્વીહ દ્રય: પથ્થરની પરાકાષ્ઠા.......

સહેવાતી નથી હવે આ વેદનાની પરાકાષ્ઠા,
ડંખી રહી છે સતત આ સંવેદનાની પરાકાષ્ઠા.

હાડ ચામ ગળી રહ્યા છે જુવો તો ધીરે ધીરે,
ઓગળી રહી છે અંતરમાં યાદો ની પરાકાષ્ઠા.

આંસુઓ પણ થીજી ગયા છે આવી ને પાંપણે,
ને અટકી ગઈ હોઠો પર લાગણીની પરાકાષ્ઠા.

એક ચીખ ઉઠે ને ફાટી પડે છે હૈયુ ચારે કોર થી,
ભીતર ખળભળી ઉઠે એક યાતનાની પરાકાષ્ઠા.

"મિત્ર" કોઈ નું રુદન શૂન્યમકાશ કરી શકે ખરું ?
અવાચક ચહેરા પર ઊભરતી પથ્થરની પરાકાષ્ઠા.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

**NG: NOG. SS No: 194**
વિષય : પરાકાષ્ઠા
શીર્ષક : સુખ દુઃખની અનુભૂતિ.. 'પરાકાષ્ઠા'
પ્રકાર : ગદ્ય, શબ્દ : ૩૪૮

પરાકાષ્ઠા એ આપણા રોજિંદા જીવનમાં સહજતાથી વપરાતો શબ્દ છે. પરિસ્થિતિનું અંતિમ ચરણ એ પરાકાષ્ઠાનું સૂચન કરે છે. તલસાટ, મેળવવા માટેની તીવ્રતા, પીડા.. આવી કંઈક મનોદૈહિક સંવેદનાની ચરમસીમાની અનુભૂતિ, જે પરાકાષ્ઠા છે.

લગ્નપ્રસંગે દીકરીની વિદાયવેળા જુદાઈની, માતૃત્વસુખની પ્રાપ્તિ વખતે પીડાની, આવેલું બાળક જ્યારે કળ ખાઈને રડે ત્યારે એના પ્રત્યેની લાગણીની, એ જ બાળકને શાળાએ મૂકીએ ત્યારે એની આંખમાં વિખુટા પડવાની ભીનાશની, વધુ અભ્યાસ માટે કે કારકિર્દી બનાવવા માટે અલગ થતા કે વિદેશ જતા સંતાનોના વિયોગની, ગમતીલા પ્રિય પાત્રને ન પામી શક્યાની, પરિવારમાં કે કાર્ય સ્થળે કરેલા સંઘર્ષની, સ્વજન કે સાથીદારને ગુમાવ્યાની... આવા અનેક પ્રસંગો સુખ દુઃખની પરાકાષ્ઠાના ઉદાહરણ છે. આવા વખતે જીવન ક્ષુબ્ધ બનતું હોય અથવા હવે નહીં જીવી શકાય એવી લાગણી અનુભવાય છે. પણ સમય વહેતો રહે છે.પરિસ્થિતિ થાળે પડતી જાય છે. ધીમે ધીમે માનવજીવન ગોઠવાતું જાય છે. પરાકાષ્ઠાની ક્ષણો સમયાંતરે ક્ષીણ થઈ સ્થિર બની જતી હોય છે. વ્યક્તિ પ્રાપ્ત પરિસ્થિતિનો સ્વીકાર કરી જીવન જીવતો થાય છે. પોતાની ઘરેડમાં ગોઠવાઈ જતો દેખાય છે

પરાકાષ્ઠાની પીડા અનુભવ્યા પછી.. ફિનિક્સ પક્ષી જેમ રાખમાંથી બેઠુ થાય એમ મનુષ્ય જીવન નવા રંગ રૂપ અને ઘાટ ધારણ કરે છે.પુખ્ત અને પરિપક્વ બને છે. સમજણ સિંચાય છે અને ત્યારે સમજાય છે કે પરિવર્તન સંસારનો નિયમ છે. આપણે એનો ભાગ છીએ. હકારાત્મક દ્રષ્ટિકોણ સાથે પરાકાષ્ઠાને સ્વીકારીએ તોજ આપણને ઈશ્વરે જે અને જેવું આપ્યું છે એને સારી રીતે ભોગવી શકીએ છીએ. મનુષ્ય જીવનને સફળ અને સાર્થક કરી શકીએ છીએ. પણ જો નકારાત્મકતાથી અપનાવીએ તો પોતાના દુખે દુઃખી અને તુલના કરીને અન્યના સુખે દુઃખી થઈએ છીએ. જેને પરિણામે સતત અભાવ અને અપ્રાપ્યતાની પીડા વધારે
દયનીય પરિસ્થિતિનું સર્જન કરે છે.

સતત સુખ, સારું અને પસંદગીનીજ પરિસ્થિતિ મળતી રહે એવું શક્ય જ નથી. પરાકાષ્ઠાના અનુભવે
આભાર - નિહારીકા રવિયા વ્યક્તિને સમજ આપવાનું કાર્ય કુદરત કરે છે. પ્રભુએ આપણા માટે આપણે જે ઈચ્છયુ છે એના કરતાં સારું વિચાર્યું છે, અને એ જ એણે આપણને આપ્યું છે એવી સમજ કેળવાય છે. પરાકાષ્ઠાના સુખ અને દુઃખની અનુભૂતિ વધતે ઓછે અંશે દરેક જણ પોતાના જીવનકાળમાં કરે છે. એ મેળવ્યા પછી કયા દ્રષ્ટિકોણથી પોતાના જીવનને વળાંક આપે છે એના દ્વારા એના જીવનને સુખદ કે દુઃખદ આકાર મળે છે.
મારી જ બે પંક્તિઓથી લેખનું સમાપન કરીશ.

"પરાકાષ્ઠા સુખદુઃખની હોય, સહય કે અસહ્ય,
સ્વીકારીને જીવીએ એમાંજ.. છે જીવનનું શ્રેય."
અસ્તુ.
નામ : ખ્યાતિ જીગર દેસાઈ.( અમદાવાદ )

# પિતાજી

By Pravina

હા, હું × મા ×છું . બે સુદર બાળકો આજે ભરજુવાનીમાં છે. ઈશ્વરની કૃપાથી પરિવાર સુખી છે. પિતાની ગેરહાજરી સદા સાલે છે.

'મા' વિશે વાંચીને, સાંભળીને ખબર નહી કેમ હવે થાજ લાગ્યો છે. માન્યું કે 'મા' એ નવ મહિના કોખમાં બાળકને પોષણ



આપ્યું હતું. જન્મ આપતી વખતે કારમી યાતના ભોગવી હતી. આ મહત્વને કારણે 'મા' ને ઈશ્વરની ઉપમા મળી છે.

શું પિતાનો આમાં કોઈ ભાગ નથી ? સહુ પ્રથમ 'મા' ને 'મા' બનાવનાર પિતા છે ! જ્યારે ' મા' બાળકને ઉદરે પોષણ આપી રહી હતી, ત્યારે પગલે પગલે તેને સહાય આપનાર, તેનો હાથ થામનાર પિતા છે. તેને અગવડ ન પડે તેની જવાબદારી પિતા પોતાના શિરે હસતે મુખે ઉપાડે છે.

એ પિતાને અવગણિએ તો ઈશ્વર રાજી નહી થાય. માતાનું અમૃત પીને બાળક મોટું થાય છે. પિતાએ કાર્ય કરી શકવા અક્ષમ્ય છે. બધું માનવા તૈયાર છું. કિંતુ પિતાનું ગૌરવ ઓછું થાય એ મંજૂર નથી. પિતા દિવસ રાત એક કરી બાલકની બધી જરુરિયાત પૂરી કરવા તત્પર હોય છે.

' ચાલશે× એ શબ્દ પિતાને મુખે હંમેશા સાંભળવા મળે છે. ૧૦૦ રોપિયાના બૂટ પહેરનાર પિતા બાળક માટે ૫૦૦ રુ ના બૂટ લાવતા વિચાર કરતો નથી. બાળકને ખભે બેસાડી આખી દુનિયાનિ મુસાફરી હસતે મુખે પિતા કરે છે. એને સાયકલ શિખવી હોય ત્યારે તેની પાછળ દોડે છે.

પિતાને બોલ લઈ બાળક સાથે સદા રમતો નિહાળવો એ એક લ્હાવો છે. મુક કાર્યમાં પિતા અસમર્થ છે. એ કુદરતનો નિયમ હસતે મુખે સ્વીકારવો રહ્યો. પિતાની શીળી છાયામાં પરિવાર ચેન પામે છે. ૨૧મી સદીમાં 'મા' પોતાનો ભાગ ઉલ્લાસ પૂર્વક ભજવે છે.

'પિતા' ( પતિ) વગરની માતા અકાળે વૃદ્ધ થઈ જાય છે. બાળકો પોતાને દયનિય પરિસ્થિતિમાં હોય તેવો અહેસાસ અનુભવે છે.

પિતાનું મૂલ્ય જરા પણ ઓછું ન આંકશો ! એ ઘરનો મોભ છે. ઘરની 'આન, બાન અને શાન 'છે. ઘરમાં તેના થકી ચેન ભર્યો શ્વાસ લેવાય છે. ઘરને ઘર બનાવવામાં તેનો મહત્વનો ફાળો છે.

ભૂલે ચૂકે પિતાની સામે મોટો અવાજ કાઢશો નહી.` બોલીને નહી મૌન રહીને સઘળાંકાર્ય કરે છે. પોતાનિ વેદના કોઈને કહી શકતા નથી. ભલેને ગમે તેટલી મુશ્કેલી હોય , 'કુટુંબ' સુરક્ષિત રહે તેને માટે અથાગ પ્રયત્ન કરે છે.

જેમ 'મા વિના સુનો સંસાર એમ પિતા વિના બેસ્વાદ સંસાર'. યાદ રાખજો. તેની આંતરડી ઠારજો. એ સહુની ચિંતા કરે છે. પિતાને એમ ન લાગવા દેશો કે ' એનું સ્થાન મહત્વનું નથી '.

તેને ઈજ્જત અને પ્યાર ભર્યા બે શબ્દોની માત્ર આશા હોય છે. એના મુખેથી કદી'ના' શબ્દ પરિવાર માટે નિકળતો નથી. પિતાએ ગૌરવ થાય એવું વર્તન સદા કરજો. ×પિતા તમારી પહેચાન છે.×

## કચ્છના રણમાં બ્રોમીન બનાવતી બે કંપની આર્ચીયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને

# એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝના ભાડાપટ્ટાના રૂા. ૧૩૦ કરોડ ન વસુલાયાનું કેગના રિપોર્ટમાં બહાર આવ્યું

કચ્છના રણમાં બ્રોમીન બનાવતી બે કંપની આર્ચીયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝના ભાડાપટ્ટાના રૂા. ૧૩૦ કરોડ કરતા વધુની રકમ ન વસૂલીને સરકારી તિજોરીને ભારે નુકશાન થયું છે બીજીબાજુ આર્ચીયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝે ભાજપને ૧૦ કરોડ કરતા વધુનું ડોનેશન આપ્યું છે. જે "ચંદા દો... ધંધા લો", ભાજપાને ફંડ આપો અને સરકારી ફાયદા મેળવોની નીતિ વધુ એકવાર ઉજાગર થઇ છે ત્યારે ભાજપા સરકાર મોટા ઉદ્યોગપતિ, ઉદ્યોગગૃહના બાકી નાણા કયારે વસુલાશે ? તેનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, કચ્છમાં પથરાયેલ ૪૦૦ કિ.મી.ના દરિયાકિનારામાં સમુદ્રી પાણીમાંથી મીઠું પકવવાના તેમજ અન્ય રાસાયણિક પેદાશો બનાવવાના અસંખ્ય ઉદ્યોગો કાર્યરત છે. આ ઉદ્યોગોમાં સરકારી જમીન ફાળવણી અને તેમાં કરાર મુજબની મુદ્દતે ભાડાપેટે ભરવાની થતી રકમમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર થતા હોવાનું અવારનવાર સામે આવે છે. સરકારના નાણાંકીય વ્યવહાર પર નજર રાખતી કમ્પ્ટ્રોલર એન્ડ એકાઉન્ટ જનરલ (કેગ) દ્વારા કચ્છના દરિયામાંથી રાસાયણિક ઉત્પાદન કરતી બે કંપની આર્ચીયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પાસેથી નાણાં ખાતા દ્વારા જમીનની વસુલાત ન થયું હોવાનું દર્શાવાયું છે, જેના કારણે સરકારને રૂા. ૧૩૦ કરોડની ખોટ ગઈ હોવાનું જણાવાયું છે. આર્ચીયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ માટે રૂા. ૧૫૫ પ્રતિ ચો.મી. જંત્રીના ભાવે કુલ ૫૦ લાખ ચો.મી. જમીન કે જેની અંદાજિત રકમ રૂા. ૭૭.૫૦ કરોડ અને એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝને અપાયેલ જમીનના ચો.મી. દીઠ જંત્રીના ભાવ રૂા. ૬૫ના હિસાબે ૮૦,૦૦૦ ચો.મી. જમીનના કુલ રૂા. ૫૨ કરોડ થાય, આ બંને કંપનીના મળીને કુલ રૂ. ૧૩૦.૧૧ કરોડની

**આર્ચીયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભાડાપેટે કરોડોની રકમ વર્ષોથી ન ચુકવનાર સામે ભાજપા સરકારનું ભેદી મૌન**

વસુલાત ૧૫%ના વાર્ષિક ભાડાથી જમીન ફાળવણીના ભોગવટા મુજબ વસુલાત થવી જોઈએ. કચ્છના રણમાં બ્રોમીન અને દરિયાઈ રસાયણો મેળવવા માટે અપાયેલ જમીનોની મુદ્દત વીત્યે રીન્યુઅલ પહેલાં તેમજ તમામ બાકી રકમ વર્ષની શરૂઆતમાં જ વસૂલ કરવાની થતી હોય છે, પરંતુ આ રકમ શા માટે વસૂલ કરવામાં આવતી નથી ? તે અંગે ભાજપ સરકાર જવાબ આપે.

મીઠાના અગરો માટે અપાયેલી જમીન પૈકીની સોલારીસ દ્વારા પ્રોસેસિંગ માટેની જમીનોના બજારભાવે કબજા ભોગવટા કિંમત ચૂકવણી સામે એ જ અરસામાં એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા મેળવાયેલી ૧૦,૦૦૦ એકર જમીનમાંથી ૮,૦૦૦ એકર જમીન મીઠાના અગરો માટે તેમજ ૨,૦૦૦ એકર જમીન ફેક્ટરી, રહેઠાણ, ગેસ્ટહાઉસ માટે અનામત રખાઈ હતી, જેની વસુલાત ન થઈ હોવાનું કેગના રિપોર્ટમાં જણાવાયું છે. તેવી જ રીતે આર્ચીયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પણ તેને ફળવાયેલી ૨૪,૦૦૦ હેક્ટર જમીનમાંથી ૫૦૦ હેક્ટર જમીન પ્લાન્ટ અને યંત્રસામગ્રી રાખવા અનામત રખાઈ હતી, તેની પણ ભોગટા કિંમત વસુલ કરાઈ ન હતી, જે તાત્કાલિક વસુલ કરવા અને સરકારી તિજોરીને થતું નાણાંકીય નુકસાન અટકાવવા ડો. મનીષ દોશીએ માંગણી કરી હતી.

# સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાને ઈતિહાસ રચ્યો, ૨૦૦ પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ ભાઈ-બહેનોને રેઈનકોટનું વિતરણ





સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાન, થલતેજ ગુરુકુળ રોડ, અમદાવાદ ભાવિન ભાઈ ગજજર, ડૉ. ઋતુ સિંહ અને નીરુબેન પ્રજાપતિ, કિરણ બેન શર્મા, પ્રમોદ કુમાર, સંસ્કૃતિ સિંહ અને કૌશલ ગોહિલ સાથે મોહર સિંહ, વિનીતા, શીલા રબારી અને વલ્લભ પ્રજાપતિ સાથે મળીને સૌના સહયોગથી છેલ્લા ૧૨ વર્ષથી પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો માટે કામ કરી રહ્યું છે અને તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખે છે, તેમને રોજગાર માટે તાલીમ આપે છે, તેમના વ્યક્તિત્વમાં સુધારો કરે છે અને કારકિર્દી સલાહ આપે છે, જો બાળકો દ્રષ્ટિહીન હોવાને કારણે શિક્ષણના અભાવે ક્યાંક અટકી જાય છે, તો તેમને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરે છે અને શૈક્ષણિક સામગ્રી અને નોકરી માટેની તૈયારી પૂરી પાડે છે.સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાન એવી મહિલાઓને રોજગાર પૂરો પાડે છે જે ચાલીને ઘરેથી કામ કરી શકતી નથી. આ સંસ્થા હંમેશા એ ઉદ્દેશ્ય સાથે કામ કરતી રહી છે કે જે મહિલાઓને પગ નથી તેઓ પોતાના પગ પર ઊભી રહે અને સમાજમાં આત્મસન્માન સાથે પોતાનું જીવન જીવે. હસ્તકલામાં શણ હસ્તકલા, કાગળ હસ્તકલા અને ઘણી હાથથી બનાવેલી વસ્તુઓનો સમાવેશ થાય છે, જે હસ્તકલા અને આપણી સંસ્કૃતિને પણ પ્રોત્સાહન આપી રહી છે જે લુપ્ત થઈ રહી છે, આપણે સંસ્કૃતિને અકબંધ રાખીને હસ્તકલાને પ્રોત્સાહન આપી રહ્યા છીએ. સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાન એક તાલીમ કેન્દ્ર ચલાવી રહ્યું છે, જેમાં તમામ સભ્યો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના પ્રદર્શનોમાં પોતાની કલાનું પ્રદર્શન કરી રહ્યા છે અને તેમને પોતાના પગ પર ઊભા રહેવા માટે આ પ્લેટફોર્મ મળી રહ્યું છે.સંસ્થા જરૂરિયાત મુજબ તમામ પ્રકારની વસ્તુઓનું વિતરણ કરે છે. આ વખતે એક અલગ જ વિચાર આવ્યો. દ્રષ્ટિહીન ભાઈઓ, બહેનો અને બાળકોને વરસાદ દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, ખાસ કરીને પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ ભાઈ-બહેનોને, જો તેમને કામ માટે બહાર જવું પડે અને તેમની આર્થિક સ્થિતિ સારી ન હોય, તો તેમને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાને પ્રથમ વખત ઈતિહાસ રચ્યો છે. રેઈનકોટના વિતરણથી લગભગ ૨૦૦ પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ ભાઈ-બહેનોને રાહત મળી છે.જેના કારણે તેઓએ ખૂબ જ ખુશી વ્યક્ત કરી છે કે, ×ઘણી મોટી સંસ્થાઓ કામ કરી રહી છે.... પણ આ વરસાદી ઋતુમાં, કોઈ અમારા વિશે વિચારતું નથી અને અમે સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાનના આભારી છીએ કે તેમણે અમારા માટે વિચાર્યું અને સંસ્થા આ રીતે બધા દિવ્યાંગ લોકોની સેવા કરતી રહેશે અને આ પ્રકારના કાર્યક્રમ અને તેમને તાલીમ આપવાની અને તેમના પગ પર ઉભા કરવાની આ સફર હંમેશા ચાલુ રહેશે!



ગુજરાતમુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ એ રેડ ક્રોસ દ્વારા તૈયાર કરાયેલી મેડિકલ વાન નું લોકાર્પણ કર્યું ગુજરાત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ એ રેડ ક્રોસ દ્વારા તૈયાર કરાયેલી મેડિકલ વાન નું લોકાર્પણ કર્યું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ માટેના મોબાઈલ મેડિકલ વાનો ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું સ્વાતંત્ર્ય સેનાની આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાન?

# અમદાવાદ જિલ્લામાં બાળવાર્તા અભિયાનની ઉજવણી




અમદાવાદ જિલ્લામાં બાળવાર્તા અભિયાનની ઉજવણી ગુજરાત શૈક્ષણિક અને સાંસ્કૃતિક મંચ દ્વારા આયોજિત અને ઉચા ગજાના બાળ સાહિત્યકાર કે જેમણે મિયા ફુસકી, છેલ છબો, છક્કો મકો, જેવા અમર પાત્રો આપણને આપ્યા છે. એવા શ્રી જીવરામ જોશી સાહેબની જન્મ જયંતી નિમિત્તે ગુજરાતના અનેક જિલ્લાઓમાં ૬/૭/૨૫ થી ૨૦/૭/૨૫ સુધી જીવરામ જોશી બાળવાર્તા અભિયાન પખવાડિયું ઉજવવાનું નક્કી કરાયું? આ મંચના સંયોજક શ્રી તખુભાઈ સાંડસૂરની આગેવાનીમાં ગુજરાતના દરેક જિલ્લામાં શિક્ષકો બાળ સાહિત્યકારોએ અનેકવિધ શાળાઓમાં જઈ બાળવાર્તાની રજૂઆત કરી જેનો ખૂબ સારો એવો પ્રતિસાદ મળ્યો.

આ જ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લામાં પણ શિક્ષક શ્રી વિમલભાઈ પટેલ જેનેટબેન , રેખાબેન ચૌહાણ અને બાળ વાર્તાકાર શ્રી ભારતીબેન ભંડેરી અને નિધિબેન મહેતા દ્વારા અમદાવાદના જુદા જુદા વિસ્તારની જુદી જુદી શાળાઓમાં બાળકો સુધી બાળવાર્તા લઈ જવાનો આ ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો. જુદી જુદી શાળાઓમાં બાળવાર્તાની રજૂઆત કરી બાળકોને આ બાળવાર્તાનો વારસો આપવાનું આ ઉત્તમ કાર્ય થયું. જેમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તરફથી ખૂબ સારો સહકાર અને સરસ પ્રતિસાદ મળ્યો. બાળકોને આ પહેલ ખૂબ ગમી આ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લામાં વિવિધ શાળાઓના લગભગ ૪૦૦૦ જેટલા બાળકોને બાળવાર્તાઓનો લાભ મળ્યો. આ અભિયાન અંતર્ગત અનેક બાળવાર્તાઓ બાળકો સુધી પહોંચી અને બાળવાર્તા અભિયાનના પખવાડિયાની આનંદપૂર્વક ઉજવણી થઈ જેની શિક્ષણ ક્ષેત્રમાં પણ નોંધ લેવામાં આવી અને જેના પરિપાક સ્વરૂપે આ કાર્યને વધુ વેગ મળશે અને આગળ ઉપર પણ શૈક્ષણિક ક્ષેત્રે પણ આ નોંધનીય કામગીરી વિસ્તાર પામશે તેવી આશા જાગી છે. આ વાર્તાથી વાવેતર કરવાનો પ્રયાસ ભવિષ્યમાં સમાજને ઉત્તમ ને ઉમદા વ્યક્તિત્વની ભેટ આપવામાં ઉપકારક નિવડશે એવી આસ્થા પણ જન્મી છે. કારણ કે આ વાર્તાઓ માત્ર વાર્તા નહીં પણ બાળઉછેરમાં ઉપયોગી છતાં વીસરાઇ ગયેલો આપણો અમૂલ્ય વારસો છે. જેની આપણા બાળકોને ખૂબ જરૂર છે.



બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં યોજાયેલી એમસીએફ રિંક ફૂટબૉલ ટુર્નામેન્ટમાં પુરુષોના વર્ગમાં સમિત સ્મેશર્સ ટીમ વિજેતા અને રાહુલ રોકર્સ બીજા ક્રમે રહી હતી, જ્યારે છોકરાઓના ગ્રૂપમાં અર્જુન એવેન્જર્સ ટીમ વિજેતા અને દિશાંત ડેવિલ્સ ટીમ બીજા ક્રમે રહી હતી.અગાઉ બેડમિન્ટન પ્રીમિયર લીગ સ્પર્ધા એમબીએલ શટલર્સની ટીમે જીતી હતી. પેરેડાઈઝ વોરિયર્સ ટીમ બીજા ક્રમે અને સાઈ શટલર્સની ટીમ ત્રીજા ક્રમે આવી હતી.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.